सत्यमेव जयते

### સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત

### સજીવ ખેતી માટે ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે

### સર્વીસ પ્રોવાઇડરની પસંદગી હેતુ

# લેટર ઓફ ઇન્વીટેશન અને માર્ગદર્શિકા


**સજીવ ખેતી સેલ**

**ખેતી નિયામકશ્રીની કચેરી,**

કૃષિ ભવન, સેક્ટર- ૧૦ અ, ગાંધીનગર

Email : dir-agr@gujarat.gov.in

Phone : 079 232 56116

# <u>લેટર ઓફ ઈન્વીટેશન</u>

**પ્રતિ,**

**-------------**

**-------------**

**વિષય :** સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતી માટે ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સર્વીસ પ્રોવાઇડરની પસંદગી કરવા બાબત.

**મહાશય;**

આપ ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ સેન્દ્રિય ખેતી નીતિ વિષે માહિતગાર હશો. સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતીને પ્રોત્સાહન આપવું, ખેડૂતો તૈયાર કરવા, તાંત્રિક માર્ગદર્શન આપવું, સર્ટીફીકેશન કરાવવું, ઓર્ગેનિક ઉપજની વેચાણ વ્યવસ્થા ગોઠવવી વગેરે બાબતોની જરૂરીયાતને ધ્યાને લેતા સજીવ ખેતી ક્ષેત્રે અનુભવ ધરાવતી વ્યક્તિ/સંસ્થાની ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટની કામગીરી માટે "સર્વીસ પ્રોવાઇડર" તરીકે પસંદગી કરી સંયુક્ત કામગીરી કરવા અંગે નિર્ણય કરવામાં આવેલ છે.

જે અન્વયે સજીવ ખેતી ક્ષેત્રે અનુભવ અને સંસાધનો ધરાવતી સહકારી/ બિન સરકારી સંસ્થા, વ્યક્તિ, ખેડૂત જૂથ, ફાર્મર્સ કલબ, ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની, ખાનગી કંપની, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ગ્રામ્ય શિક્ષણ આપતી સંસ્થાઓને સર્વિસ પ્રોવાઈડર તરીકે કામગીરી કરવા આમંત્રણ આપવામાં આવે છે. લેટર ઓફ ઈન્વીટેશન સાથે માર્ગદર્શિકા સામેલ કરવામાં આવેલ છે. માર્ગદર્શિકાનો સંપૂર્ણ અભ્યાસ કરી માંગ્ય મુજબની માહિતી સમયમર્યાદામાં અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતિ છે.

(સહી)
ખેતી નિયામક,
ગુ.રા., ગાંધીનગર

# ૧. પરિચય

## ૧.૧. પ્રસ્તાવના

ગુજરાત રાજ્ય લાખો ખેડૂતોની મહેનત થકી કૃષિ વિકાસમાં અગ્રેસર રહ્યું છે. કૃષિ વિકાસને ગતિશીલ રાખવા સમયાંતરે કૃષિ અને સહકાર વિભાગ દ્વારા વિવિધ નીતિ જાહેર કરી યોજનાઓનો અમલ કરવામાં આવે છે. આજે ખેતી ક્ષેત્રે રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓનો વધુ ઉપયોગ પર્યાવરણ માટે સાનુકુળ નથી.

સમયની માંગને પારખી કૃષિ ક્ષેત્રે ઉત્પાદન જાળવી રાખવા, સંકલિત અને ટકાઉ કૃષિ વિકાસ હાંસિલ કરવાના હેતુસર રાજ્ય સરકાર દ્વારા સેન્દ્રિય ખેતી નીતિ જાહેર કરવામાં આવેલ છે. સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા આ ક્ષેત્રના નિષ્ણાંત લોકોની સેવાઓ લેવા માટે "સર્વિસ પ્રોવાઈડર" કોન્સેપ્ટ અમલમાં લાવવામાં આવ્યો છે.

## ૧.૨. પ્રસ્તાવિત પ્રવૃત્તિ

સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત રાજ્યમાં સજીવ ખેતી માટે ખેડૂતોને પ્રોત્સાહન અને તાંત્રિક માર્ગદર્શન આપવા સર્વિસ પ્રોવાઇડર તરીકે સહકારી/ બિન સરકારી સંસ્થા, વ્યક્તિ, ખેડૂત જૂથ, ફાર્મર્સ કલબ, ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની, ખાનગી કંપની, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ગ્રામ્ય શિક્ષણ આપતી સંસ્થાઓની સેવા લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. લેટર ઓફ એક્સેપ્ટન્સ અને સાથે આપેલ વિગતોના મૂલ્યાંકનનાં આધારે પસંદગી પામેલ સર્વિસ પ્રોવાઈડરની કામગીરી નીચે મુજબ ની રહેશે.

**૧.૨.૧.** જિલ્લા કક્ષાના વહીવટી તંત્રને સેન્દ્રીય ખેતીના ગૃપ ઉભા કરવામાં મદદરૂપ થવું.

**૧.૨.૨.** જિલ્લા વહીવટી તંત્રના સહયોગમાં રહીને સેન્દ્રિય ખેતીના સર્ટીફીકેશન માટે જરૂરી માર્ગદર્શન અને ખેડૂતોના ગૃપના રેકર્ડ નિભાવણી સહિત તમામ બાબતો માટેના કૌશલ્ય વર્ધનની કામગીરી કરવી.

**૧.૨.૩.** સેન્દ્રિય ખેતી સાથે જોડાયેલ ખેડૂતોને સજીવ ખેતી માટે જરૂરી પાક પોષણ વ્યવસ્થા માટેના ઇન્ફ્રાસ્ટ્રકચર ઉભા કરવા તેમજ સજીવ ખેતીના સ્થાનિક ભરોસાપાત્ર બિયારણો ઉપલબ્ધ કરાવવામાં મદદરૂપ થવું.

**૧.૨.૪.** સેન્દ્રિય ખેતીના ગૃપ રજીસ્ટર કરાવી તથા તેઓને બજાર વ્યવસ્થા સાથે સાંકળવામાં વહીવટી તંત્રને મદદરૂપ થવું.

## ૧.૩. લેટર ઓફ ઇન્વીટેશન અને માર્ગદર્શિકાનો હેતુ

ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત રાજ્યમાં સજીવ ખેતીનો વ્યાપ વધારવા અને પ્રોત્સાહન આપવા અર્થે "ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ અંગેની કામગીરી" માટે આ ક્ષેત્રનો અનુભવ ધરાવતી સહકારી/ બિન સરકારી સંસ્થા, વ્યક્તિ, ખેડૂત

જૂથ, ફાર્મર્સ કલબ, ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની, ખાનગી કંપની, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ગ્રામ્ય શિક્ષણ આપતી સંસ્થાઓની પસંદગી કરવાનાં હેતુથી સબંધિતો પાસે લેટર ઓફ એક્સેપ્ટન્સ અને જરૂરી વિગતો મંગાવવામાં આવે છે.

### ૧.૪. સર્વિસ પ્રોવાઈડરની કામગીરીનું વળતર/મહેનતાણું

સર્વિસ પ્રોવાઇડર ને કામગીરી પેટે કોઇ મહેનતાણા અથવા વળતર મળવાપાત્ર રહેશે નહીં અને સજીવ ખેતીની લાભાર્થી ખેડૂતોને મળવાપાત્ર લાભ ખેડૂતો અથવા ખેડૂત જુથના બેંન્ક એકાઉન્ટમાં સીધા જમા કરાવવામાં આવશે.

પરંતુ યોજનાકીય જોગવાઇ અનુસાર કોઇ ધોરણો નિયત કરેલ હોય અથવા ભવિષ્યમાં નિયત કરવામાં આવે તેવા કીસ્સામાં એક્ષપર્ટના મહેનતાણા, પ્રવાસના ભાડા-ભથ્થા, મોડેલ ફાર્મની સગવડના ઉપયોગ સંબંધિ સેવાઓ માટે નિયમોનુસાર મળવાપાત્ર રહેશે.

## ૨. માર્ગદર્શન અને સુચનાઓ

### ૨.૧. લેટર ઓફ ઇન્વીટેશન અને માર્ગદર્શિકા

સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતી માટે ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સર્વીસ પ્રોવાઇડરની પસંદગી હેતુ ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અગ્રણી અખબારમાં જાહેર નિવિદા પ્રકાશિત થયા બાદ લેટર ઓફ ઇન્વીટેશન અને માર્ગદર્શિકા કૃષિ વિભાગની વેબસાઇટ www.agri.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

### ૨.૨. માર્ગદર્શિકા ફી

લેટર ઓફ ઇન્વીટેશન અને માર્ગદર્શિકા ઉપર દર્શાવેલ વેબસાઇટ પરથી વિનામૂલ્યે ડાઉનલોડ કરી શકાશે.

### ૨.૩. માર્ગદર્શિકા અંગે માર્ગદર્શન/ સ્પષ્ટીકરણ

માર્ગદર્શિકામાં આપેલ વિગતો અથવા લેટર ઓફ એક્સેપ્ટન્સ સાથે ભરવાની વિગતો અંગે કોઈ માર્ગદર્શન/ સ્પષ્ટતાની જરૂર જણાય તો dir-agr@gujarat.gov.in પર ઈ-મેઈલ કરવાથી મેળવી શકાશે અથવા નાયબ ખેતી નિયામકશ્રી (ખાતર), કૃષિ ભવન, ગાંધીનગર પાસેથી કચેરી સમય દરમિયાન મળી શકાશે.

### ૨.૪. લઘુત્તમ લાયકાત

સર્વિસ પ્રોવાઈડર નીચે દર્શાવેલ તમામ લઘુત્તમ લાયકાત હોવી જરૂરી છે.

**૨.૪.૧.** કોણ સર્વિસ પ્રોવાઈડર બની શકે ? : સહકારી સંસ્થા, બિન સરકારી સંસ્થા, વ્યક્તિ, ખેડૂત જૂથ, ફાર્મર્સ કલબ, ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની, ખાનગી કંપની, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ગ્રામ્ય શિક્ષણ આપતી સંસ્થા.

**૨.૪.૨.** અનુભવ : સજીવ ખેતી માટેનો સીધો અથવા સંયોજક (ઓર્ગેનાઈઝર) તરીકેનો ઓછામાં ઓછા પાંચ વર્ષની કામગીરીનો અનુભવ હોવો જરૂરી છે. આ ઉપરાંત સજીવ ખેતી હેઠળનું પોતાની માલિકીનું ન્યુનતમ ૧ એકરનું ફાર્મ હોવું જરૂરી છે અથવા વિકલ્પે સજીવ ખેતી અપનાવેલ હોય તેવા ઓછામાં ઓછા ૧૦ ખેડૂતો સાથે પરીણામ લક્ષી કામગીરી કરેલ હોવી જરૂરી છે.

**૨.૪.૩.** સર્વિસ પ્રોવાઈડરની છબી : સર્વિસ પ્રોવાઈડર સમાન પ્રકારની અથવા અન્ય કોઈ પણ કામગીરી માટે ગુજરાત સરકાર અથવા અન્ય કોઈ રાજ્ય સરકાર અથવા ભારત સરકાર અથવા આ પૈકી કોઈ પણ હસ્તકના વિભાગ, ખાતા, બોર્ડ, કોર્પોરેશન, યુનિવર્સિટી દ્વારા બ્લેક લિસ્ટ થયેલી ના હોવી જોઈએ.

## ૨.૫. લેટર ઓફ ઈન્વીટિશન અંતર્ગત ભરવાની થતી વિગતો

સેન્દ્રિય ખેતી નીતિ હેઠળ સજીવ ખેતી માટે કામ કરવા ઈચ્છતા સર્વિસ પ્રોવાઈડરે નીચે દર્શાવેલ વિગતો માર્ગદર્શિકામાં આપેલ સુચનાઓ મુજબ અને પરિશિષ્ટ તરીકે જોડેલ પત્રક મુજબ વિગતો દર્શાવવાની રહેશે.

**૨.૫.૧.** સર્વિસ પ્રોવાઈડર તરીકે માર્ગદર્શિકામાં દર્શાવેલ શરતો મુજબ કામગીરી કરવા તૈયાર હોવા અંગેનો લેટર ઓફ એક્સેપ્ટન્સ (પરિશિષ્ટ–૧ મુજબ). વ્યક્તિ સિવાયના તમામ કિસ્સામાં લેટરહેડ પર લેટર ઓફ એક્સેપ્ટન્સ આપવો.

**૨.૫.૨.** પ્રાથમિક વિગતો (પરિશિષ્ટ–૨ મુજબ)

**૨.૫.૩.** સજીવ ખેતી અંગેની માહિતી (પરિશિષ્ટ–૩ મુજબ)

**૨.૫.૪.** તાંત્રિક અને સહયોગી સ્ટાફની સંખ્યા અને શિક્ષણ, અનુભવની વિગત.

**૨.૫.૫.** તાલીમ આપવા માટે પ્રાપ્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની વિગત.

**૨.૫.૬.** સજીવ ખેતી અંગે મુદ્રિત કરેલ સાહિત્ય (નકલ સામેલ કરવી)

**૨.૫.૭.** સજીવ ખેતી અંગે કોઇ મોડ્યૂલ વિકસાવેલ છે કે કેમ ? (વિગત સામેલ કરવી)

**૨.૫.૮.** છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કેટલા ખેડૂતોને કયા વિષયો પર તાલીમ આપેલ છે ?

**૨.૫.૯.** તાલીમ આપેલ ખેડૂતોના નામ સરનામા સહિતનું લીસ્ટ

**૨.૫.૧૦.** ખેડૂતોને સરકારી યોજના હેઠળ સહાય આપેલ હોય તો કઇ યોજના હેઠળ સરકારશ્રીની કેટલી સહાય મેળવીને કેટલા ખેડૂતોને નાણાંકીય સહાય આપેલ છે.?

**૨.૫.૧૧.** છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ખેડૂતોને આપેલ કૃષિ સામગ્રીની વિગત અને લાભાર્થીઓની સંખ્યા

**૨.૫.૧૨.** સજીવ ખેતી માટે પ્રોત્સાહિત કરેલ ખેડૂતોની સંખ્યા અને નામ અને સરનામા

**૨.૫.૧૩.** સજીવ ખેતી માટે પ્રોત્સાહિત કરેલ ખેડૂતો પૈકી સજીવ ખેતી અપનાવતા અને આ માટે રજીસ્ટ્રેશન કરાવેલ તેમજ ફાઇનલ સ્કોપ સર્ટીફિકેટ ધરાવતા ખેડૂતોની સંખ્યા અને નામ, સરનામા સહિતની વિગત.

**૨.૫.૧૪.** સજીવ ખેતી અંગે ખેડૂત ઉપયોગી કામગીરી માટે રાજ્ય કક્ષા/રાષ્ટ્ર કક્ષાએ/આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોઇ એવોર્ડ કે પ્રશસ્તિપત્ર મેળવેલ હોય તો તેની વિગત.

**૨.૫.૧૫.** કેટલા અને ક્યા–ક્યા જિલ્લામાં કામગીરી કરવા માંગે છે તેની વિગત.

**૨.૫.૧૬.** સર્વિસ પ્રોવાઈડર કઈ રીતે કામગીરી કરવા માંગે છે તે અંગે એપ્રોચ પેપર.

**૨.૫.૧૭.** બ્લેક લિસ્ટ થયેલ નથી તે બાબતનું સ્વ–પ્રમાણિત પ્રમાણપત્ર

**૨.૫.૧૮.** અન્ય સંલગ્ન વિગતો, જો કોઈ હોય તો.

વિગતો અધુરી હશે અથવા નહિ હોય એવા કિસ્સામાં મૂલ્યાંકન હેતુસર જરૂર લાગે તો ખેતી નિયામકશ્રી વિગતો મંગાવી શકશે અને સર્વિસ પ્રોવાઈડરે સમયમર્યાદામાં માહિતી ઉપલબ્ધ કરાવવાની રહેશે.

## ૨.૬. ભાષા

લેટર ઓફ એકસેપ્ટન્સ અને તે સહીત ભરવાની થતી વિગતો ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં હોવી જરૂરી છે. અન્ય ભાષામાં વિગત હોય તો તેના ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષાંતરની પ્રમાણિત નકલ જોડવાની રહેશે.

## ૨.૭. જમા કરવાની વિગત

લેટર ઓફ એક્સેપ્ટન્સ સહિતની માંગેલી વિગતો જરૂરી દસ્તાવેજો સહીત કવર પર “સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતી માટે ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સર્વીસ પ્રોવાઇડરની પસંદગી” નું માર્કીંગ કરી સીલબંધ કવરમાં ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, કૃષિ ભવન, સેક્ટર–૧૦એ, ગાંધીનગર ખાતે તા. ................. ના રોજ ...... કલાક સુધી રૂબરૂ, રજીસ્ટર્ડ પોસ્ટ, સ્પીડ પોસ્ટ અથવા કુરિયરથી જમા કરાવવાની રહેશે. કવર પર માર્કીંગ કર્યા વગરની અને સમય મર્યાદા કરતા મોડી મળેલ વિગતો ધ્યાને લેવામાં આવશે નહિ.

## ૨.૮. મૂલ્યાંકન અને પસંદગી

સર્વિસ પ્રોવાઈડરની પસંદગી આપવામાં આવેલ વિગતોના મૂલ્યાંકન અને પસંદગીનાં મુખ્ય ધારા ધોરણો આધારે નક્કી કરવામાં આવેલ કમિટી દ્વારા કરવામાં આવશે. ૨.૪ માં દર્શાવવામાં આવેલ લઘુત્તમ લાયકાત ના ધરાવનાર અપાત્ર ઠરશે જેને મૂલ્યાંકનમાં ધ્યાને લેવામાં આવશે નહિ.

પસંદગીના મુખ્ય ધારા ધોરણો નીચે મુજબ રહેશે.

**૨.૮.૧.** સજીવ ખેતી માટેનું ફાર્મ અને તેનું વ્યવસ્થાપન

**૨.૮.૨.** સજીવ ખેતીનું સાહીત્ય– બુક, બુકલેટ, ઈ–સાહીત્ય

**૨.૮.૩.** સજીવ ખેતી અંગેના તાલીમ કાર્યક્રમ માટે સગવડ, મોડયુલ અને કરેલ કામગીરી

**૨.૮.૪.** સજીવ ખેતી હેઠળ ઉત્પાદિત ખેત પેદાશો/ઉત્પાદનોની બજાર વ્યવસ્થા

**૨.૮.૫.** સજીવ ખેતીના ક્ષેત્રે મળેલ એવોર્ડ, પ્રમાણપત્ર માન, સન્માન વિગેરે

**૨.૮.૬.** મહેકમ અને આર્થિક સધ્ધરતા

**૨.૮.૭.** સર્વિસ પ્રોવાઈડર કામગીરી અંગેનું એપ્રોચ પેપર

**વિગતોના મૂલ્યાંકન ઉપરાંત કમિટીને જરૂર જણાય તો સર્વિસ પ્રોવાઇડરના પ્રત્યક્ષ ઇન્ટરવ્યુ લઇ શકશે.**

## ૨.૯. કામગીરી ફાળવણી અને રદ કરવાના અધિકાર

લેટર ઓફ એક્સેપ્ટન્સ અને વિગતો મંગાવ્યા બાદ, મૂલ્યાંકન પહેલા કે પછી કોઈ પણ કારણોસર નિવિદા રદ કરવી, કામગીરી ના ફાળવવી, આંશિક ફાળવવી કે શરતોમાં બદલાવ કરવાનો અબાધિત અધિકાર અને તમામ સત્તા ખેતી નિયામકશ્રી પાસે રહેશે.

પસંદગી પામેલ સર્વિસ પ્રોવાઈડરને ખેતી નિયામકશ્રી તરફથી લેખિતમાં જાણ કરવામાં આવશે. પસંદગી ના પામેલ સર્વિસ પ્રોવાઈડર ઈચ્છે તો ખેતી નિયામકશ્રીને પસંદગી કરવા હેતુસર અરજી કરી શકશે અને આ કિસ્સામાં ત્યારબાદ ખેતી નિયામકશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

## પરિશિષ્ટ–૧ (લેટર ઓફ એક્સેપ્ટન્સ)

**પ્રતિ,**
**ખેતી નિયામકશ્રી,**
ખેતીવાડી ખાતું, ગુ.રા.,
કૃષિ ભવન, સેક્ટર–૧૦એ,
ગાંધીનગર.

**વિષય : સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતી માટે ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સર્વીસ પ્રોવાઇડરની પસંદગી કરવા બાબત.**

સવિનય જણાવવાનું કે આપશ્રીની કચેરી દ્વારા દૈનિક અખબાર ................માં તારીખ ............... નાં રોજ સેન્દ્રિય ખેતી નીતિ અંતર્ગત સજીવ ખેતી માટે ફાર્મર્સ મોબીલાઇઝેશન અને સ્કીલ ડેવલપમેન્ટ માટે સર્વીસ પ્રોવાઇડરની પસંદગી કરવા હેતુ આપેલ નિવિદા આપવામાં આવેલ હતી.

જે અન્વયે જણાવવાનું કે અમો સર્વિસ પ્રોવાઈડર તરીકે કામગીરી કરવા રસ ધરાવીએ છીએ. અમો માર્ગદર્શિકામાં દર્શાવ્યા મુજબનો સજીવ ખેતી અંગેનો અનુભવ અને લાયકાત ધરાવીએ છીએ. માર્ગદર્શિકામાં માંગ્યા મુજબની તમામ વિગતો અને જરૂરી પ્રમાણપત્રો આ સાથે સામેલ રાખવામાં આવેલ છે.

માર્ગદર્શિકામાં સર્વિસ પ્રોવાઈડર તરીકે મહેનતાણા બાબતની વિગત "સર્વિસ પ્રોવાઇડર ને કામગીરી પેટે કોઇ મહેનતાણા અથવા વળતર મળવાપાત્ર રહેશે નહીં અને સજીવ ખેતીની લાભાર્થી ખેડૂતોને મળવાપાત્ર લાભ ખેડૂતો અથવા ખેડૂત જુથના બેંન્ક એકાઉન્ટમાં સીધા જમા કરાવવામાં આવશે. પરંતુ યોજનાકીય જોગવાઇ અનુસાર કોઇ ધોરણો નિયત કરેલ હોય અથવા ભવિષ્યમાં નિયત કરવામાં આવે તેવા કીસ્સામાં એક્ષપર્ટના મહેનતાણા, પ્રવાસના ભાડા–ભથ્થા, મોડેલ ફાર્મની સગવડના ઉપયોગ સંબંધિ સેવાઓ માટે નિયમોનુસાર મળવાપાત્ર રહેશે" અંગે સંમતિ ધરાવીએ છીએ અને આ બાબતે ભવિષ્યમાં પણ અમોને આપશ્રીનો નિર્ણય માન્ય રહેશે.

માર્ગદર્શિકાનો અમે સંપૂર્ણ અભ્યાસ કરેલ છે અને તેમાં દર્શાવેલ તમામ વિગતો અમને માન્ય છે. માંગ્યા મુજબની તમામ માહિતી સામેલ કરવામાં આવેલ છે અને જો જરૂર જણાયે વધુ કોઈ પણ માહિતી માંગવામાં આવશે તો તે પૂરી પાડવાની બાહેંધરી આપીએ છીએ.

(સહી)
(નામ અને હોદ્દો)

## પરિશિષ્ટ–૨ (પ્રાથમિક વિગતો માટેનું પત્રક)

| અ.ન. | વિગત | માહિતી |
|---|---|---|
| ૧. | અરજી કરનારનું નામ (વ્યક્તિ/સંસ્થા/જૂથ/કંપની વગેરે) | |
| ૨. | પૂરું સરનામું ( ફોન નંબર અને ઇમેલ એડ્રેસ સહિત ) | |
| ૩. | સંસ્થા/કંપની અસ્તિત્વમાં આવ્યા તારીખ/વર્ષ (નકલ જોડવી) | |
| ૪. | સંસ્થાનો નોધણી નંબર (નકલ જોડવી) | |
| ૫. | સંસ્થા/કંપનીના હોદ્દેદારો/સભ્યોની સંખ્યા | |
| ૬. | વડાનું નામ અને હોદ્દો | |
| ૭. | સર્વિસ પ્રોવાઈડર અંગે જવાબદાર અધિકારીનું નામ, હોદ્દો, શિક્ષણ અને અનુભવ | |
| ૮. | પાન નંબર/ટેન નંબર | |
| ૯. | ગુજરાતમાં મુખ્ય ઓફિસ ના હોય એવા કિસ્સામાં સ્થાનિક ઓફિસનું સરનામું અને સંપર્ક વિગત | |
| ૧૦. | કુલ ટર્ન ઓવર (છેલ્લા ત્રણ વર્ષની ઓડીટેડ બેલેન્સ શીટ જોડવી) | |

## પરિશિષ્ટ–૩ (સજીવ ખેતી અંગેની માહિતી માટેનું પત્રક)

| અ.ન. | વિગત | માહિતી |
|---|---|---|
| ૧. | ધારણ કરેલ જમીન (એકરમાં) અને ક્યાં આવેલ છે. ? | |
| ૨. | ધારણ કરેલ જમીન પૈકી કેટલી જમીનમાં સજીવ ખેતી કરે છે ? | |
| ૩. | છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન કરેલ ઓર્ગેનીક ઉપજનો જથ્થો | |
| ૪. | ઉત્પન્ન કરેલ ઓર્ગેનીક ઉપજનો વેચાણ કરેલ જથ્થાની છેલ્લા ત્રણ વર્ષની વિગત(જથ્થો ક્વીંન્ટલમાં) | |
| ૫. | ઉત્પન્ન કરેલ ઓર્ગેનીક ઉપજનો જથ્થો કોને વેચાણ કરેલ છે ? | |
| ૬. | સજીવ ખેતી બાબતે કયા પ્રકારની કામગીરી ક્યારથી કરવામાં આવે છે ? | |
| ૭. | કર્મચારીઓ/સભ્યોએ સજીવ ખેતી અંગે કોઇ તાલીમ મેળવેલ છે કે કેમ ? (સભ્યનું નામ અને તાલીમ કાર્યક્રમની વિગત) | |
| ૮. | અપેડા માન્ય સંસ્થા પાસે સર્ટીફિકેશન કરાવેલ હોય તો વિગત | |